જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૧/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૦ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૨૨૭ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ રિક્ષા અને ૦૨ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭,૭૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૧૭/૨૦૨૬**

શાહીબાગઃ પરેશકુમાર સ/ઓ રમણલાલ સથવારા (ઉ.વ.૪૨)(રહે.વાસુદેવનગર, ગીરધરનગર બ્રીજ પાસે, ગીરધરનગર, શાહીબાગ (હાલ રહે. R/01 CITY COMPASS LIVING, DUBAI INVESTMENT PARK-1, DUBAI, UAE) એ તા.૨૪/૦૧/૨૦૨૬ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૧/૨૦૨૬ ના રોજ સવારના ૮/૦૦ થી તા.૧૨/૦૧/૨૦૨૬ બપોરના ૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર +૯૧૭૭૭૧૯૮૦૨૮૦ તથા +૯૧૮૮૭૧૯૬૬૬૪૫ ના ધારકે "હાલ ઈન્સ્ટન્ટ રૂપિયા ૧ કરોડ ૩૫ લાખની લોન મળી રહેલ છે. જેમા કેન્દ્ર સરકારની ૪૦ ટકા સબસીડી પણ મળશે" તેમ કહી લોન મંજુર કરાવી આપી આપવાનો પાકો ભરોસો વિશ્વાસ અપાવી પ્રોસેસ માટે પરેશકુમાર પાસેથી ઓનલાઇન ટ્રાન્જેકશન મારફતે ટુકડે–ટુકડે કુલ રૂપિયા ૪,૫૩,૬૪૧/– મેળવી લઇ લોન મંજુર નહીં કરાવી તેમજ આપેલ રૂપિયા પરત નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એચ.સિંધવ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૧૮/૨૦૨૬**

સરખેજઃ મહિપતભાઇ મોહનભાઇ રાઠોડ (રહે. રિદ્ધી સિદ્ધી ડુપ્લેક્ષ આનંદ આશ્રમ પાસે સરખેજ ધોળકા રોડ નવી ફતેવાડી સરખેજ) એ તા.૨૪/૦૧/૨૦૨૬ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૧/૨૦૨૬ સાંજના ૦૬/૦૦ થી તા.૧૩/૦૧/૨૦૨૬ કલાક ૦૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના તથા રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૭૫,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.બી.પરમાર ચલાવે છે.

રામોલઃ મિનેશકુમાર અંબાલાલ પટેલ (રહે. શિવસાગર સોસાયટી મહાદેવનગર ટેકરા વસ્ત્રાલ રોડ) એ તા.૨૪/૦૧/૨૦૨૬ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૧/૨૦૨૬ કલાક ૦૭/૦૦ થી તા.૨૨/૦૧/૨૦૨૬ સાંજના ૦૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોનાના દાગીના તથા રોકડ રૂપિયા ૧૦,૦૦૦/– તેમજ ટેબલેટ મળી કુલ કિમત રૂપિયા ૪,૭૦,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.બી.રબારી ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ **સમાચાર ચાદી નં.૧૧૯/૨૦૨૬**

"એન" ડીવીઝન ટ્રાફીક પો.સ્ટે.:– કાળુભાઇ છોગાજી ભીલ (રહે.ખાન ના પરા, જકાતનાકા પાસે, ધોળકા) એ "એન" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૧/૨૦૨૬ ના કલાક ૪/૨૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે કાળુભાઈનો પુત્ર કરનભાઇ કાળુભાઇ ભીલ(ઉ.વ.૨૨)નાઓ અંજલીબ્રીજ ઉપરથી મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે પોતાનુ વાહન બેદરકારીથી અને ગફલતભરી રીતે ચલાવી લાવી મોટર સાયકલને ટક્કર મારતા, કરનભાઇને શરીરે ગંભીર ઈજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે "એન" ડીવીઝન પોલીસે ગુનો નોંધી આ અંગેની તપાસ પો.ઇ.શ્રી પી.એ.મારવાડા ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૨૦/૨૦૨૬**

નિકોલઃ નિકોલ ફાયર સ્ટેશનની બાજુમાં ગોકુલધામ પરીસર ખાતે નવી બનતી સાઈટ ખાતે મજુરી કામ કરતા અને પરીવાર સાથે ત્યાં જ રહેતા મોહનભાઈ ગુદા (મુળ વતન. ગામ–સિમરવાડા તા.જી. ડુંગરપુર રાજસ્થાન) નાઓની આઠ વર્ષની પુત્રી તા.૨૩/૦૧/૨૦૨૬ સાંજના ૦૬/૦૦ વાગ્યાના સુમારે સાઈટ ખાતે ત્રીજા માળેથી રમતા–રમતા નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા તેનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.આર.પટેલ ચલાવે છે.

સરદારનગરઃ રમાકાંતભાઈ રામમાથુર પંડીત (ઉ.વ.૭૦) (રહે. મોદી કંપાઉન્ડ ઓમ સાઈ ફ્લેટની બાજુમાં સૈજપુર ટાવર સૈજપુર બોઘા) એ તા.૨૧/૦૧/૨૦૨૬ ના રોજ પોતાના રહેણાંક ખાતે પોતાની જાતે પાણી સમજી ઝેરી રસાયણ પી જતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૨૪/૦૧/૨૦૨૬ ના કલાક ૦૦/૧૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિવ્યરાજસિંહ નરેંદ્રસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૨૧/૨૦૨૬**

નારોલઃ નારોલ સરખેજ અસલાલી રીંગ રોડ ગુરુનાનક પંજાબી ઘાબાની સામે, નાયરા પેટ્રોલ પંપ પાસે, શ્રધ્ધા મોટર્સ "અંબીકા પે એન્ડ પાર્કીંગ" ખાતે રહેતા સાહીલ મંસારામ રાજભર (ઉ.વ.૧૮)(મુળ વતન. બરહી એદીલપુર હંસવાર અકબરપુર તા.ટાંડા જી.આંબેડકરનગર ઉતરપ્રદેશ) એ તા.૨૩/૦૧/૨૦૨૬ સાંજના ૦૭/૩૦ વાગ્યાના સુમારે અગમ્ય કારણસર પોતાના રહેણાંક ખાતે છાપરાના એંગલ સાથે ખાટલાની પાટી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને નારોલ શકિત હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ચંદનસિંહ રઘુનંદનસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી